સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૮૨૫૧

રહેતા નથી નિયમમાં કાયદા ગાંઠતા નથી!
ઉડે છે આકાશમાં કોઇ વાયદા ગાંઠતા નથી!
ગાંઠતા નથી લોકશાહી-માતા, ચૂંટણી પંચને -
પક્ષ, પરિવાર, પ્રામાણિકતાને ગાંઠતા નથી!

હાઈકુ

મારી ગઇ છે -
બુદ્ધિ બ્હેર સત્તાંધ -
- પ્રજ્ઞાચક્ષુની...

એક તો ચોરી,
અને માથેથી કરે
એ સિનાજોરી..

ચિંતન

યસ્મિન જીવતિ જીવન્તી બહવઃ સ તુ જીવતિ । કાકોપિ કિં ન કુરુતે ચંચ્વા સ્વોદર પૂરણમ્ ॥

'જે વ્યક્તિના જીવવાથી અનેક જીવો ખૂબ શાંતિ-સુખથી જીવે છે એને જ, એનું જ જીવન જીવ્યું કહેવાય અર્થાત એનું જીવવું જ સાર્થક કહેવાય, બાકી તો કાગડો પણ પોતાની ચાંચથી પેટ નથી ભરતો? અર્થાત્ પશુ-પંખી પણ જીવી જ જાય છે ને?!'

જે જીવન જીવવા પ્રત્યેની સાચી સમજ ધરાવે છે, બીજાની દૃષ્ટિએથી - એને શું થશે - એને કેવું લાગશે? હું આમ બોલીશ તો તેના હૃદયને કેવું-કેટલું દુખ થશે! આવું વિચારી જે બોલે - વર્તન કરે એ જ સાચી જીવન દૃષ્ટિ છે.

ધન સમૃદ્ધિનો દાન-પુણ્ય અને જરૂરિયાતમંદોને સહાય કરવામાં વાપરે એ ધન-સમૃદ્ધિનો સદુપયોગ છે સમૃદ્ધિ ન હોવા છતાં સાચી સંવેદનાથી કોઇને શારીરિક મદદરૂપ થવું, સહાય, સહારો આશ્વાસન આપવું એ પણ જીવન જીવવાની સાચી સમજ છે.

આવા દાતા-સમજદાર માનવીનું જીવન જ પરોપકાર માટે જીવતા 'માનવતાવાદી'નું જીવન છે આવી વ્યક્તિનું મૃત્યુ કેટલાંય હૃદય-આંખોને રડાવી જાય છે.

માત્ર સ્વાર્થ માટે તો કાગડા-કૂતરાં જીવે છે અને સમય આવે મરે છે એના માટે કોણ શોક અનુભવે છે ?

સુવિચાર

- પરબ અમૂક તરસ મીટાવે છે, 'રબ' દરેક તરસ મીટાવે છે - એસ. ભટ્ટાચાર્ય
- જીવનમાં ક્યારેય નાનામાં નાના માણસનું અપમાન કે અવગણના કરવી નહીં, કારણ કે કીડી તમને ચટકો ભરી શકશે, પણ તમે કદી કીડીને ચટકો નહીં ભરી શકો - અખંડ આનંદ
- બધા જીવલેણ સાહસ કંઇ સફળ નથી થતાં, નહિંતર મદારી ન્યાલ ના થઇ જાય ઝેરી નાગ પકડીને!! - ખલીલ ધનતેજવી
- તૃષ્ણાની આગ સંતોષથી મળેલ ઠંડકને બાળી નાખે છે - પૂજ્ય મોટા
- આપણા બધાની દૃષ્ટિએ તક એ વરદાન છે... પણ આપવા માટેનું વરદાન, લેવા માટેનું નહીં - મુનિ ભાનુચંદ્રજી
- તમારું હૃદય ભગવાનને ચરણે ધરી, અને હાથ સંસારને સોંપો...- પાંડુરંગ આઠવલે
- પરોપકારી પુરૂષ તે વખતે પોતાને ગરીબ સમજે છે જ્યારે તે બીજાને સહાયતા કરવામાં અસમર્થ નીવડે છે - તિરૂવલ્લુવર

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજકાલ તો ચૂંટણી, પ્રજાની સેવા માટેન નહીં પણ સત્તા-પદ-સુખ-સુવિધા-ગાડી-બંગલા માટે જ લડાય છે ચૂંટાયા પછી નેતાના મનમાં પ્રજા માટે 'તમે કોણ અમે કોણ' ની ભાવના હોય છે. સત્તા પદનો કેમ-કેવી રીતે લાભ લઇ લેવો એનાં જ 'આયોજન' હોય છે.

મુંબઇ યુનિવર્સિટીના એક જમાનાના કુલપતિ, ચિમનલાલ સેતલવાડ એકવાર શૈક્ષણિક હેતુસર 'સ્ટોકહોમ' વિદેશ ગયા. ત્યાં બસમાં બેસી કોઇ પરિચિતને મળવા જતા હતા.

સેતલવાડની બાજુમાં જ એક અંગ્રેજ વ્યક્તિ આવીને બેઠી. કંડકટર તેમની પાસે આવ્યો અને આદરપૂર્વક અભિવાદન કરી 'સ્થળ' પૂછવા વિના જ ટિકીટ આપી - એ વ્યક્તિએ પૈસા આપ્યા. થોડાં સ્ટોપ પછી તરત એમનું મુકામ સ્થળ આવી ગયું. કંડકટરને થેંક્સ કહ્યું - કંડકટરે ફરી એમનું અભિવાદન કર્યું..

સેતલવાડે કંડકટરને નજીક બોલાવી પૂછ્યું એ પેસેંજર સાથે તમારો વર્તાવ ખાસ હતો. કોણ હતું એ! કોઇ વીઆઇપી હતા? કંડકટરે કહે ના, ના એ અમારા સ્ટોકહોમના મેયર હતા. તદ્દન સરળ સ્વભાવના છે અને દરરોજ કચેરીએ જવા માટે આ બસમાં જ આવવાનો તેમનો નિત્યક્રમ છે.. એમની પાસે પોતાની ગાડી છે જ નહીં!

Email - sureshchandrabhatt18@gmail.com

આખી દુનિયામાં ક્યાંય મધર્સ-ડે ઉજવવાની જરૂર ન હોય, કારણ કે મા એ તો દરેકના જીવનની ક્ષણેક્ષણમાં અને અસ્તિત્વના કણેકણમાં વ્યાપેલી હોય છે

"શીતળતા પામવાને માનવી તું દોટ કાં મૂકે?
જે માની ગોદમાં છે - તે હિમાલયમાં નથી હોતી."
મૈને દેખા જબ કભી,
મોમબત્તી કો પીઘલકર રોશની દેતે હુએ
બસ યાદ આ ગઇ 'મા'.

કોઇ પણ જાતનાં સ્વાર્થ વિના, જગતને રોશની આપવા માટે પોતાના અસ્તિત્વને પીગળાવીને મિટાવી દેતી મીણબત્તીને જોઉં છું ત્યારે 'મા' યાદ આવે છે.

આમ તો, ભૂતકાળમાં તથા અત્યારે પણ મા વિશે એટલું બધું લખાયું છે કે જેની કોઇ સીમા નથી. અને ભવિષ્યમાં પણ મા વિશે એટલું જ લખાતું રહેશે, છતાં આ એક એવો અખૂટ ખજાનો છે. ક્યારેય ખૂટશે નહિ, બલ્કિ વધ્યે જ જશે, એમાં ઉમેરાતું જ જશે. જે છે તેના કરતા સવાયું થશે. "મા" શબ્દ દેખામાં, લખવામાં કે બોલવામાં કેટલો સરળ અને નાનો લાગે છે? પરંતુ આ નાના શબ્દમાં એટલું બધું ગૂઢ રહસ્ય છુપાયેલું છે કે એને શોધવા અને જાણવા માટે જન્મોના જન્મ પણ ઓછા પડે અથવા જો એને એ જ જન્મમાં પામવું હોય તો પછી "મા" બનવું પડે! "મા", "બા" કે "માતા" કોઇ પણ શબ્દ બોલવામાં આવે તો મોઢું ખૂલી જાય છે. આ જ એક એવો સંકેત છે કે મા સાથે હોય તો જીવન ખૂલી જાય છે. જિંદગીનાં તમામ દ્વાર ખુલી જાય છે. બાળકના જન્મ પછી એના મોઢામાંથી પહેલો બોલાતો અક્ષર છે "મા". બાળકના મુખેથી પહેલી વાર "મા" શબ્દ સાંભળી જ જાણે માનું મન મ્હોરી ઊઠે છે, તન ડોલી ઉઠે છે. મા એટલે મમતા અને મૃદુતા, સહજ સ્નેહ અને પારાવાર પ્રેમ તેમજ સહિષ્ણુતા અને પવિત્રતાના સમન્વયની સજીવમૂર્તિ.

// મા //
- પદ્મા મિશ્રી

સ્ત્રીનાં વિવિધ સ્વરૂપો - દીકરી, પત્ની, માતા બધાંને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે, પરંતુ આ સર્વમાં "મા" નું રૂપ સર્વશ્રેષ્ઠ અને નિરાળું છે. સ્ત્રી જીવનની મહાનતા મા ના સ્વરૂપમાં સમાયેલી છે. મા એ પ્રેમ,વાત્સલ્ય, મમતા અને કરૂણાનું મૂર્તિમંત સ્વરૂપ છે. જગતના સર્વ સ્નેહસંબંધોમાં માતૃપ્રેમનું સ્થાન સર્વોચ્ચ છે. મા એ વાત્સલ્ય પ્રેમનું એક એવું ઝરણું છે કે ગમે તેવા આકરા તાપમાંય સુકાતું નથી. ભગવાનને ભજવાથી ક્યારેય મા નથી મળતી પણ મા ને ભજવાથી ભગવાન અવશ્ય મળી શકે, કારણ કે ઇશ્વર તો એક કલ્પના છે જ્યારે મા એક હકીકત છે. ઇશ્વર નિરાકાર છે, જ્યારે મા સાકાર છે. ઇશ્વર એ આપણી શ્રદ્ધા છે, પણ મા તો સાક્ષાત્કાર છે.

માતા નવ-નવ માસ બાળકને પોતાના ગર્ભમાં પોતાના જીવ કરતાંય વધારે સાચવે છે. ગર્ભમાંનું બાળક ભલે દીકરો હોય કે દીકરી - તે તેના શરીરનું જ નહિ, પરંતુ જિંદગીનું અભિન્ન અંગ બની જતું હોય છે. મા પોતાના બાળકનો ચહેરો જોયા પહેલાંથી જ એને પ્રેમ કરવા લાગે છે. તેથી જ કદાચ પ્રેમ આંધળો છે એવું કહેવાતું હશે. નવ માસ પછી જ્યારે બાળકનો જન્મ થાય ત્યારે પ્રસૂતિની પીડાને એક બાજુ હડસેલીને માતા હસી પડે છે, તે જ ઇશ્વરનો એક સૌથી મોટો ચમત્કાર છે. બાળકને ખોળામાં જોતા તેના મનમાં જે ખુશી થાય છે, તે જ તેની મમતાનું મહાત્મય છે. બાળક સુધી તે એક સ્ત્રી તરીકે ઓળખાતી હતી. હવેથી તે "મા" બને છે. અને સ્ત્રી જ્યારે માતા બને છે, ત્યારે સ્વર્ગને સ્પર્શે છે તેથી જ માતાની ગોદમાં બેઠેલું બાળક - એ સમગ્ર વિશ્વનું શ્રેષ્ઠ ચિત્ર છે, કલાકારની મહાન કૃતિ છે.

મા - ત્યાગ, કરૂણા અને સમર્પણની દેવી ગણાય છે. તે બાળકને વધુમાં વધુ આપવા છતાંય અલ્પમાં આપ્યું હોય એવું અનુભવે છે. મા સંતાન માટે કંઇક કરે તેમાં સ્વાર્થ નહિ, આત્માર્થ હોય છે. તે ફક્ત બાળક પર જ નહિ, પરંતુ ઘરના તમામ સભ્યોનું નિઃસ્વાર્થ રીતે પ્રેમનું સિંચન કરે છે, તે પોતાના બાળક માટે ક્યારેક થાકતી કે કંટાળતી નથી કે ક્યારેય હિંમત પણ હારતી નથી. તે હંમેશા બાળકને હૂંફ આપતી રહે છે. પછી બાળક ભલે દીકરો હોય કે દીકરી. મા પણ પહેલા એક સ્ત્રી હોવાને નાતે સારી રીતે સમજતી હોય છે કે જો દીકરો પોતાના કુળને અજવાળે છે તો દીકરી - પિયર અને સાસરીયાંમાં - એમ બંને કુળને દીપાવે છે. તેવી જ રીતે દીકરો જો માબાપને સ્વર્ગમાં લઇ જાય છે, તો દીકરી તો સ્વર્ગને જ ઘરમાં લઇ આવે છે, જો એક કરતા વધારે બાળક હોય, બાળક કાળું હોય કે ગોરું, બીમાર હોય કે તંદુહસ્ત, મા ક્યારેય ભેદભાવ કરતી નથી. તેનો પ્રેમ એક સમાન રીતે અવિરત વહેતો હોય છે. કોઇ ગરીબ બાળકની મા હોય કે પછી મહાન વ્યક્તિની મા હોય બંનેની માતા નિઃસ્વાર્થ અને મમતામતી સરખી જ હોય છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ પોતાના સંતાનની પડખે ઊભી રહે છે. ગમે તેવું દુઃખ કે તકલીફ હોય તો પણ પોતાના મુખ પર કળાવા દેતી નથી અને હંમેશાં હસતું મુખ રાખી દુઃખનાં ઘૂંટડા પી જાય છે. અને હંમેશાં સ્મિત સાથે પોતાના બાળકનું પાલન-પોષણ અને જતન કરે છે. હવે આપણને લાગશે કે પાલન-પોષણ તો સમજાય પણ જતન કરવું એટલે વળી શું? તો જ્યારે બાળકને ભૂખ લાગે અને તે ખાવાનું માગે એ પહેલાં જ તેને ખાવાનું આપી દે, તરસ લાગે અને પાણી માગ્યા પહેલાં જ તેને પાણીનો ગ્લાસ આપી દે, છીંક આવે કે તરત જ રૂમાલ ધરી દે તો બાળક વિશે આ પહેલાંથી જ ખબર પડી જાય અને તેને વસ્તુ હાજર કરી દે તેને જતન કર્યું કહેવાય છે. મા પણ ઇશ્વરની જેમ અંતર્યામી હોય છે, બાળકને શું જોઇએ છે તે તેને બતાવવું પડતું નથી. તેને તો પહેલેથી જ ખબર પડી જતી હોય છે.

આંસુ હોય મારી આંખમાં તો એ રડી પડે છે.
મારી એક ખુશી માટે એ બધા સાથે લડી પડે છે.
મંજિલના એક એક મુકામે, જ્યારે પણ એની જરૂર પડે છે.
સાથ આપવા મારો એ હંમેશા તૈયાર રહે છે.
ઘણી વાતો આ મન બધાથી છુપાવે છે.

પણ,
એ એક જ છે, જે મારી આંખોથી બધુ વાંચી લે છે.

બાળક થોડુંક સમજણું થઇ જાતે ચાલવા કે પોતાના કામ કરવા જાતે લાગે છે, ત્યારે મા તેનો હાશ પકડવાનું તો છોડી દે છે, પરંતુ હૃદયથી તો જીવનપર્યંત જોડાયેલી જ રહે છે. માતા બન્યા પછી બાળક જ તેનું સર્વસ્વ બની જાય છે. અંગ્રેજીનાં પણ જો Mother શબ્દમાંથી M ભૂંસી નાખવાં આવે તો 'other' રહી જાય છે. આમ માની તુલના કોઇની સાથે થઇ શકતી નથી. મા એ માપવાનું સાધન નથી, પણ પામવાનું તત્ત્વ છે. માતાના પ્રેમ અને સ્નેહનાં લેખાજોખાં ન થઇ શકે. "મા"ના અર્થને જોડણીકોષમાં જોવાનો નથી હોતો એને તો જિંદગીના કોશમાં જોવાનો અને અનુભવવાનો હોય છે.

કોઇકને સારું કહેવામાં મજા છે.
તો કોઇકને સાચું કહેવામાં મજા છે. પણ,
કંઇ કીધા વગર બધું સમજી જાય
તેની સાથે રહેવામાં પણ એક અલગ જ મજા છે.

બાળક પણ જેટલો વિશ્વાસ માતામાં મૂકે છે, તેટલો પિતામાં મૂકી શકતો નથી. બાળકને પિતા પાસેથી કંઇક લેવાનું હોય કે પછી કોઇ પણ વાત પિતા સુધી પહોંચાડવાની હોય તો તે માતા દ્વારા જ પહોંચાડે છે. બાળકને પિતાની બીક અને ભય લાગે છે, પરંતુ કાયરેય માતાની બીક કે ભય લાગતો નથી. ભય અને બીક વિનાનો આવો સંબંધ જ સાચો સંબંધ હોય છે. મા એ દુનિયાની એક એવી વ્યક્તિ છે કે કોઇ પણ ઉંમરે તમને બાળક હોવાનો અહેસાસ કરાવે છે. સાચે જ, ઉપર જિસકા અંત નહીં હૈ, ઉસે આસમાં કહતે હૈ, ઔર ઇસ જહાં મેં જિસકા અંત નહીં હૈ, ઉસે માં કહતે હૈ.

માતા એ ઇશ્વર પછીની વંદનીય વ્યક્તિ છે. ખલિલ જિબ્રાન માતા વિશે લખે છે - માનવ જાતિના હોઠ પરનો સૌથી સુંદર શબ્દ હોય તો તે છે "મા" અને સહુથી સુંદર સાદ હોય તો તે સાદ છે - 'મારી મા હેલન કેલરે પણ એકરાર કર્યો છે કે મા વિશે હું શું, કેવી રીતે લખું કે બોલું? તે મારી એટલી નિકટ છે, કે એના વિશે કંઇ પણ બોલવું

અનુસંધાન પાના નં. ૬ પર

હવેથી સોનુ આપવાની જવેલર્સની સ્કીમ ગેરકાયદેસર છે, ગોલ્ડ ડિપોઝીટ સ્કીમ ગેરકાયદેસર

ગુજરાતમાં અને ખાસ કરીને ગુજરાતીઓને સોનાનો ઘણો જ મોહ હોય છે પરંતુ સોનાના ભાવો આસમાને પહોંચતા મધ્યવર્ગને એક સાથે પાંચ-દશ તોલા સોનુ ખરીદવું પરવડે તેમ નથી. આનો લાભ જવેલર્સની દુકાનોવાળા હપ્તાથી સોનુ આપવાની લોભામણી જાહેરાતો આપી ગ્રાહકોને સભ્ય બનાવી. અગિયાર હપ્તા ગ્રાહકો ભરશે તો બારમો છેલ્લો હપ્તો જવેલર્સ ભરશે તેવી યોજના હેઠળ સભ્યો નોંધી હપ્તા ઉઘરાવે છે આ ગોલ્ડ ડિપોઝીટ સ્કીમ ગેરકાયદેસર છે હપ્તા પૂરા થયા પછી જવેલર્સ તેમના ત્યાંથી જ સોનુ ખરીદવાનો અથવા તો તેટલા તોલાના સોનાના તૈયાર દાગીના પોતાના ત્યાંથી જ ખરીદવાનો ગ્રાહકોને તેમજ હપ્તાના સભ્યને આગ્રહ જ નહી પણ ફરજ પાડે છે નવા કંપની એકટમાં ડિપોઝીટ અંગે કરવામાં આવેલી જોગવાઈને પરિણામે સ્કીમમાં ભાગ લેનારની ઈચ્છા ના હોય તો તેને વર્તમાન ભાવે સોનુ લેવાની જવેલર્સ ફરજ પાડી ના શકે તેમ જ સભ્યોની ડિપોઝીટ પરત આપવાની જવેલર્સ ના પાડી શકે નહિ.

નવા કંપનીઝ એકટમાં જોગવાઈ કરવામાં આવેલ છે કે ડિપોઝીટ લીધા પછી પરત ન કરે તો તે માટે સબંધીત વ્યકિતને ૫૦૦ રૂ.નો દંડ કરવા ઉપરાંત જેટલા દિવસ ડિપોઝીટ તરત કરવામાં વિલંબ કરે તેટલા દિવસના રોજના ૫૦૦ રૂ. લેખે દંડ ફરમાવવાની જોગવાઈ છે.

કંપનીઝ એકટની કલમ-૭૪ અને ૭૫ માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ આ ડિપોઝીટ પરત કરવા જવેલર્સ દ્વારા ના પાડવામાં આવે અગર તો નિષ્ફળ જાય તો તેવા કેસમાં જવેલર્સ ડિપોઝીટ સાથે છેતરપીંડી (ફ્રોડ) કર્યાનું ગણાશે અને ઈપીકો કલમ-૪૨૦ મુજબ પણ અલગથ ફરિયાદ કરવામાં આવશે.

હાલમાં આવી યોજના ખૂબ જ મોટા પ્રમાણમાં જવેલર્સ દ્વારા ચલાવવામાં આવે છે જેથી પોતે કાયમી ગ્રાહકો વધારો કરી પોતાના ત્યાંથી સોનુ કે દાગીના બનવવાની ફરજ પાડી નફ્રો કમાઈ શકે.

નવા કંપનીઝ એકટમાં સ્કીમમાં નાણા જમા કરાવવાના નાણાને ડિપોઝીટ ગણવામાં આવે છે આ ડીપોઝીટ પાકતી મુદતે પરત કરવી ફરજીયાત છે. આ ડિપોઝીટ પર જે વળતર આપવાની બાંહેધરી આપી હોય તેટલા વળતર સાથે પરત આપવાની ફરજીયાત છે. આ હપ્તાને કાયદાની પરિભાષામાં એડવાન્સ પેમેન્ટ ગણવામાં આવતું નથી બીજુ એડવાન્સ તરીકે આપતી રકમ પર વળતર આપવાનું વચન આપી શકાતું નથી.

રિઝર્વ બેન્કના નિયમો મુજબ પણ આ યોજના ગેરકાયદેસર છે કોઈપણ યોજના હેઠળ ડિપોઝીટને ૧૨.૫% વ્યાજથી વધારાનું વ્યાજ હાલમાં રીઝર્વ બેન્કના નિયમો મુજબ ચુકવી શકાતું નથી. તેથી પણ આ યોજના ગેરકાયદેસર છે. માસીક ૧૦૦૦ના હપ્તામાં અગિયાર હપ્તા સભ્યો ભરે તથા બારમો ૧૦૦૦ રૂ.નો હપ્તો જવેલર્સ પોતે ઉમેરી સભ્યોને સોનુ ખરીદવાની છૂટ આપે છે આ યોજનામાં ભાગ લેનારને ૧૭.૩૨ ટકા જેટલુ વ્યાજ છૂટે છે જે રીઝર્વ બેન્કના નિયમો મુજબ ૧૨.૫% થી વધારે હોય આ યોજના આરબીઆઈના નિયમોમાં રીટ બેંચની ના હોય બજારમાં વધારે વ્યાજ ચુકવાય તે યોજનામાં જોખમ પણ વધારે છે જેમાં નફ્રો વધારે તેમાં જોખમ વધારે તે અર્થશાસ્ત્ર ના નિયમો મુજબ પણ જો સોનાના ભાવમાં વધઘટ થાય અને જવેલર્સ સભ્યોને રકમ પરત ના કરી શકે તો સભ્યોના નાણા બજારમાં જેના કારણે અર્થતંત્ર સાથે પડે અને દેશના અર્થતંત્ર ઉપર પણ તેની અસર જોવા મળે છે. જવેલર્સ આવા હજારોની સંખ્યામાં સભ્યો બનાવ્યા હોય છે જેથી કરોડો રૂપિયાનો જુગાર - દાવ ઉપર હોય છે સરવાળે રોકાણકારો ને જ નુકશાન છે. વધુમાં આ રીતે ડિપોઝીટ લેનારને એકાએક ડિપોઝીટ પરત ચુકવવાની આવે તો તેણે રીઝર્વમાં કેટલુ ફંડ રાખવું પડે છે તેની કોઈ જ પ્રકારની જોગવાઈઓ રાખેલ હોતી નથી કારણ કે ડિપોઝીટવાળી રકમનો જવેલર્સ અન્યત્ર રોજીંદા સ્ટોકમાં રોકાણ કરી દીધી હોય છે આકસ્મીક રકમ પરત માંગે તો જવેલર્સ ચુકવી શકવા અક્ષમ હોય છે જેથી જેની અસર બજારના બીજા વ્યવહારો ઉપર પણ પડે છે.

વધુમાં આવી ડિપોઝીટ મેળવવામાં આવી હોય તો તેનો વહીવટ કરવા સોનીઓએ તેના ટ્રસ્ટીની નિમણુંક કરવી પડે અને ડિપોઝીટનો ઈન્સ્યુરન્સ પણ લેવો પડે આ જોગવાઈઓનું કોઈ જ જવેલર્સ કે સોનીઓ પાલન કરતા નથી ઈવન આ ડિપોઝીટના કાયદેસરના ચોપડા જ રાખતા નથી આયોજનામાં વકરો એટલો નફ્રો એ ધોરણે જ કામ કાજ ચાલતુ હોય છે બધા જ વ્યવહારો બે નંબરના હોય છે ડિપોઝીટને પાકી વેટ ટેક્ષવાળી રસીદ પણ આપવામાં આવતી નથી તેથી જવેલર્સ ટેકનીકલી કાયદાના ચુંગાળમાંથી છટકી શકે છે.

આ યોજનાનો મુખ્યત્વે હેતુ જવેલર્સનો પોતાનો ધંધાનો ગ્રાહકોનો વ્યાપ વધારવા ડિપોઝીટ એકત્ર કરવાનો જ છે. જાગો ગ્રાહકો... જાગો...

વાત કાનૂન કાયદાની...
- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

માનો પ્રેમ નિઃસ્વાર્થ હોય છે, તે પોતાના સંતાન પાસે કોઇ અપેક્ષા રાખતી નથી, તેના અંતરમાં એક જ અભિલાષા હોય છે કે "મારું બાળક સુખી થાય"

ગોળ વિના મોળો કંસાર
માતા વિના સૂનો સંસાર

માતાનો દરજ્જો જગતમાં સૌથી ઊંચો છે. માતા પોતાના સંતાન માટે બધું જ કરી છૂટે છે. પ્રસૂતિની અસહ્ય પીડા મા જ સહન કરે છે. મા બાળકની સતત સંભાળ રાખે છે. બાળક પથારી ભીની કરે, તો મા ભીનામાં સૂએ છે પરંતુ બાળકને તે કોરામાં સૂવાડે છે. બાળક બિમાર પડી જાય ત્યારે તે રાતદિવસના ઉજાગરા વેઠીને પોતાના બાળકની સેવા કરે છે. મા પોતે ભૂખી રહીને બાળકને ખવડાવે છે, તે બાળકને ભાવતી વાનગી બનાવી આપે છે.

બાળકમાં સંસ્કારનું સિંચન કરવામાં માનો ફાળો વધારે હોય છે, પિતા ધંધાર્થે કે નોકરી અર્થે બહાર રહેતા હોય છે એટલે બાળક સાથે આ જ વધારે સમય રહે છે, તેથી બાળકમાં માતાનાં સંસ્કાર વધારે આવે છે, બાળકને સવારે તૈયાર કરવું, તેને નિશાળે મોકલવું, તેને અભ્યાસમાં મદદ કરવી, તેને સમયસર ખાવા આપવું, તેને જોઇતી વસ્તુઓ લાવી આપવી, તેની સાથે રમવું, તેને ફરવા લઇ જવું વિગેરે બધાં જ કાર્યો મા જ કરતી હોય છે. મા બાળકને વાર્તા સંભળાવે, ગીતો ગવડાવે, તેની સાથે વાર્તાલાપ કરે, તેનાથી બાળકમાં સારા સંસ્કારોનું સિંચન થાય છે. બાળકમાં પ્રેમ, સંપ, સહકાર, સહાનુભૂતિ અને સેવાના ગુણો વિકસે છે. શિવાજી, ગાંધીજી, તિલક વિગેરે મહાપુરૂષોના જીવન ઘડતરમાં માનો જ વિશેષ ફાળો રહેલો હતો. આથી જ કહેવાય છે કે "એક સંસ્કારી માતા સો શિક્ષકોની ગરજ સારે છે" માનો પ્રેમ નિઃસ્વાર્થ હોય છે, તે પોતાના સંતાન પાસે કોઇ અપેક્ષા રાખતી નથી, તેના અંતરમાં એક જ અભિલાષા હોય છે કે "મારું બાળક સુખી થાય." પોતાના બાળકની સુખાકારી માટે તે ગમે તેવા દુઃખો સહન કરવા પણ તૈયાર રહે છે. પોતાનુ સંતાન કદરૂપું હોય, ખોડખાંપણવાળું હોય, મંદબુદ્ધિનું હોય તો પણ માતાના પ્રેમમાં જરાય ફરક પડતો નથી. કેટલીકવાર તો આવા બાળક માટે માતાપિતાને વધારે લાગણી હોય છે એટલે જ કવિ બોટાદકરે લખ્યું છે -

વાત્સલ્યમૂર્તિ મા
- નિરંજન ઓઝા

"ગંગાના નીર તો વધે ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે,
જનની જોડ સખી નહિ જડે રે લોલ"

માની મમતા માત્ર માનવસૃષ્ટિમાં જ જોવા મળે છે એવું નથી. પશુપંખીઓને પણ પોતાના બચ્ચાં માટે અનહદ પ્રેમ હોય છે, તેઓ પણ પોતાના બચ્ચાની પ્રેમપૂર્વક સંભાળ લેતા હોય છે એટલે જ કહેવાય છે કે જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતી છે.

ભગવાન રામે માતા અને માતૃભૂમિનું મહત્ત્વ સમજાવતાં લક્ષ્મણને કહ્યું હતું કે "મને સોનાની નગરી લંકા કરતા, અયોધ્યાની ધૂળ વધુ ગમે છે, અને ઇન્દ્રાસન (સ્વર્ગ)ના વૈભવ કરતાં માતા કૌશલ્યાનો ખોળો વધું વહાલો છે." તેથી જ કહેવત પડી છે કે 'મા તે મા, બીજા બધા વગડાના વા' મા માટે નીચે મુજબ કહેવાયું છે -

- *મા* - કુદરતે આપેલી મોટી ભેટ છે.
- *મા* - નો પ્રેમ સાચો પ્રેમ છે.
- *મા* - નું હૃદય અરમાનનું અધુરું સાધન છે.
- *મા* - ની મમતા અમુલ્ય છે.
- *મા* - ના હૃદયમાં પ્યારનો ધોધ છે.
- *મા* - ની આશાઓનું વૃક્ષ સદા ભરેલું રહે છે.
- *મા* - પથ્થરને પાર કરી શકે છે.
- *મા* - દાનવને માનવ કરી દે છે.
- *મા* - પ્રગતિપંથની પરંપરાનું સાધન છે.
- *મા* - સંસારનું ફૂલ છે.
- *મા* - અશક્યને શક્ય બનાવે છે.
- *મા* - મનુષ્ય જીવનનું ગંગાજળ છે.
- *મા* - ના પ્રેમની ગંગા આખા સંસારને મુલ્યવાન કરે છે.
- *મા* - ની આશાભરી આંખ સંતાનોના રાહનું અજવાળું છે.
- *મા* - મહાન શક્તિરૂપે સર્વત્ર દેખાય છે.

અસ્તુ.